ગાંધીનગર સમાચાર

**સરદાર સરોવર બંધ ઓવર ફ્લો**

## કેશુભાઈને મળી વિજયભાઈ, નીતિનભાઈએ આશિર્વાદ મેળવ્યા



ગાંધીનગર, તા. ૬

ગુજરાત ભાજપ વિધાનસભા પક્ષના નેતા વિજયભાઈ રૂપાણી અને ઉપનેતા નીતિનભાઈ પટેલ આજે પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના આશિર્વાદ મેળવ્યા હતા.

વિજયભાઈ રૂપાણી આવતીકાલે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથગ્રહણ કરનાર છે તે પૂર્વે આજે સાંજે વિજયભાઈ રૂપાણી અને નીતિનભાઈ પટેલ બન્ને એક સાથે એક જ ગાડીમાં પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના નિવાસસ્થાને આવ્યા હતા.

આ બન્ને નેતાઓએ કેશુભાઈ પટેલને મળીને તેમના આશિર્વાદ મેળવ્યા હતા. કેશુભાઈએ બન્ને નેતાઓને મીઠાઈ ખવડાવીને મીઠુ મોઢુ કરાવ્યુ હતુ અને સરકાર સારી રીતે ચલાવીને સફળતા મેળવે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

પત્રકારો સાથેની વાતચીતમાં વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે અમે કેશુભાઈને મળીને તેમના આશિર્વાદ મેળવ્યા છે. અને તેમના અનુભવો અને માર્ગદર્શન પણ મેળવ્યુ છે.


**જોઈએ છે**

- બી.એસ.સી. એમ.એલ.ટી. (લેબ ટેકનીશીયન) (જગ્યા-૧)
પગાર ધોરણ ૧૩,૦૦૦/- થી શરૂ દર વર્ષે ઈન્ક્રીમેન્ટ, રહેવા માટે કવાટર્સ ફ્રી (અનુભવીને પ્રથમ પ્રસંદગી)
- એમ.બી.બી.એસ. (આર.એમ.ઓ)
સરકારી પગાર ધોરણ (અંદાજીત ૬૦,૦૦૦/-થી શરૂ) રહેવા માટે ફ્રી કવાટર્સની સગવડ રૂબરૂ મુલાકાત માટે અસલ પ્રમાણપત્રો સાથે મંગળવારે તા.૯-૮-૨૦૧૬ ના રોજ બપોરે ૧૨ થી ૫

ગ્રાન્ટ ઇન એઇડ્ હોસ્પિટલ
સ્થળ: શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ
મુ.ઇસનપુર મોટા તા.જી.ગાંધીનગર
સંપર્ક નં.૦૭૯-૨૩૨૭૯૧૪૪, મો.૯૪૨૬૩ ૨૭૫૧૩


## મહાત્મા મંદિર ખાતે ૧૫ જેટલા એકઝી. મેજીસ્ટ્રેટને ખાસ ફરજો સોંપાઈ

ગાંધીનગર, તા. ૬

મહાત્મા મંદિર ખાતે આજે યોજાનાર શપથવિધિ સમારોહમાં ૧૫ જેટલા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટોને ખાસ ફરજ સોંપવામાં આવી છે.

મહાત્મા મંદિર ખાતે યોજાનાર આ અતિ દબદબાભર્યા સમારોહની તૈયારીમાં રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ, ગૃહ વિભાગ તેમજ માર્ગ મકાન વિભાગ ઉપરાંત જિલ્લા તંત્રના અધિકારીઓ આજે સતત વ્યસ્ત રહ્યા હતા.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ૧૦૦ જેટલા મામલતદાર અને નાયબ મામલતદાર સંવર્ગના અધિકારીઓને મહાત્મા મંદિર ખાતે વિશેષ ફરજો સોંપવામાં આવી છે. આ ઉપરાંત મહેસુલ વિભાગના ડે. કલેક્ટર કક્ષાના બે ડઝન જેટલા અધિકારીઓને લાયઝનીંગ ઓફિસર તરીકેની ફરજો સોંપવામાં આવી છે. જિલ્લા તંત્ર દ્વારા આ અંગે નિમણુંકો આપતા હુકમો પણ જારી કરી દેવામાં આવ્યા છે.

જિલ્લાતંત્રમાં વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓને ગાંધીનગર નહિ છોડવા તેમજ વાહન સાથે કચેરીમાં હાજર રહેવા પણ તાકીદ કરી દેવામાં આવી છે. શપથવિધિ સમારોહની તૈયારીઓ આજે સવારથી જ આરંભી દેવામાં આવી છે. સુશોભન પણ વિશેષ રીતે આ હોલમાં કરવામાં આવનાર છે. આજે સાંજે આ બધી કામગીરીના સંકલન માટે ઉચ્ચસ્તરીય બેઠક પણ સચિવાલય ખાતે મળી હતી.

## મહાત્મા મંદિર ખાતે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

### ત્રણ જિલ્લાના એસ.પી. બંદોબસ્ત સંભાળશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે કાલે રવિવારે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીનો સોગંદવિધિ સમારોહ યોજાનાર છે. આ પ્રસંગે વીવીઆઈપી મહાનુભાવોની ખાસ ઉપસ્થિતિ રહેશે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે હેતુસર મહાત્મા મંદિર ખાતે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે. આજે પોલીસ બંદોબસ્તનું રીહર્સલ કરવામાં આવ્યું હતું. ત્રણ જિલ્લાના એસ.પી. બંદોબસ્ત સંભાળશે. સુરત ગ્રામ્ય એસ.પી. મયુર ચાવડા, ગોધરા એસ.પી. રાજુ અસારી અને સ્ટેટ ક્રાઈમ રેકર્ડ બ્યુરો એસ.પી. અશોક યાદવ એમ ત્રણ જિલ્લાના એસ.પી. બંદોબસ્ત સંભાળશે.

તે ઉપરાંત ૧૦ ડીવાયએસપી, ૨૫ પીઆઈ, ૬૦ પીએસઆઈ, ૫૦૦ પોલીસ જવાનો, ૩૦ ટ્રાફીક પોલીસ, ૧૦૦ મહિલા પોલીસ અને એક કંપની એસઆરપી મહાત્મા મંદિર ખાતેના બંદોબસ્તમાં તૈનાત રહેશે.

### ૩ મેડીકલ ટીમો તૈનાત રખાશે

ગાંધીનગર, તા.૬

મહાત્મા મંદિર ખાતે યોજાનાર શપથવિધિ સમારોહને ધ્યાને રાખી સિવીલ હોસ્પિટલના સત્તાવાળાઓએ ત્રણ જેટલી મેડીકલ ટીમો તેમજ ૧૦૮ની એક એમ્બ્યુલન્સને ખાસ ફરજ પર મુકવામાં આવેલ છે.

મહાત્મા મંદિર ખાતે શપથવિધિ સમારોહના આયોજનમાં હાજર રહેનાર મહાનુભાવો તેમજ લોકોની સંખ્યાને ધ્યાને રાખી ટીમોને ત્યાં વિશેષ ફરજ પર પ્રાથમિક સારવારના સાધનો અને આવશ્યક દવાઓના જથ્થા સાથે મુકવામાં આવેલ છે.

એક મેડીકલ ઓફિસર,એક સ્ટાફ નર્સ, એક કમ્પાઉન્ડર સહિતની આ ટીમ હશે. મળતી વિગતો પ્રમાણે અહીં એક ખાસ જગ્યા પણ મેડીકલ ટીમોને બેસવા માટે ફાળવવામાં આવી છે. જેથી સમયસર સારવાર ઉપલબ્ધ બની શકે.

મળતી વિગતો પ્રમાણે મહાત્મા મંદિર ખાતે બે આઈસીયુ ઓન વ્હીલ્સ પણ તૈનાત રાખવામાં આવનાર છે. આ ઉપરાંત એક ખાસ વીઆઈપી વોર્ડ પણ અલાયદો સિવીલ હોસ્પિટલમાં રાખવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

## ગંદકી અને મચ્છરોના ઉપદ્રવથી રહીશોમાં રોગચાળાની દહેશત

### સેક્ટરોમાં રખડતા ઢોર ગંદકી અને કાદવ કીચ્ચડના લીધે રહીશો તોબા : સ્ટ્રીટ લાઇટો પણ ડુલ : વૃક્ષોની નમી પડેલી ડાળીઓ પણ ભયજનક : જીવજંતુઓના ઉપદ્રવ



ગાંધીનગર તા ૬

વરસાદી ઋતુ દરમિયાન સેકટરોમાં નતનવી સમસ્યા ઉભી થઈ છે. રખડતા ઢોર ,કાદવ કીચ્ચડ અને વરસાદી પાણીના ભરાવાના લીધે સેકટરોમાં ગંદકીનુ સામ્રાજ્ય જોવા મળી રહયુ છે. મચ્છરોનો ઉપદ્રવ વધતા સેકટરવાસીઓનુ આરોગ્ય જોખમાયુ છે. મચ્છર અને જીવાતનો ઉપદ્રવ ડામવા માટે તંત્ર દ્વારા અસરકારક પગલા લેવાય તેવી માંગ ઉઠવા પામી છે. સેકટરોમાં વૃક્ષોની વધતી ડાળીઓની સાથે ઉગી નિકળેલા ઘાસ અને જાડી ઝાંખરાના લીધે જીવજંતુઓનો ત્રાસ પણ વધી ગયો છે. આવા સંજોગોમાં સફાઈ અને દવાછંટકાવ માટે ઝુંબેશ હાથ ધરવા પણ માંગ ઉઠવા પામી છે. ઠેર ઠેર જોવા મળતા વરસાદી પાણીના ખાબોચિયા પણ મચ્છરો માટેનુ ઉત્પત્તિ સ્થાન બની ગયા છે.

શહેરમાં છેલ્લા એક સપ્તાહથી વરસાદી વાયરો યથાવત રહેતા રીમઝીમ વરસતા વરસાદ સાથે સેકટરવાસીઓ માટે સમસ્યાઓનો ઢગ ખડકાયો છે. સેકટરોના કોમન પ્લોટ તેમજ માર્ગો પર કેટલાક ઠેકાણે વરસાદી પાણીનો ભરાવો થયેલો જોવા મળે છે. જયારે રખડતા ઢોર અને કાદવ કીચ્ચડના લીધે ગંદકી હઠીલી બની છે. સેકટરોમાં વરસાદના લીધે ઘણાંઠેકાણે સ્ટ્રીટ લાઈટો ડુલ થતા સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જાય છે. કેટલાક ઠેકાણે વૃક્ષોની નમી પડેલી ડાળીઓ પણ રહીશો માટે ભયનુ કારણ બની છે. વનતંત્ર દ્વારા સેકટરોના આંતરિક વિસ્તારમાં ટ્રીમીંગ ન થતા સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ માટે વૃક્ષોની નમી પડેલી ડાળીઓ આડશ બની છે. જયારે રખડતા ઢોર અને વરસાદી પાણીના ભરાવાના લીધે રહેણાંક વિસ્તારમાં માખી અને જીવાતનો ઉપદ્રવ પણ વધી ગયો છે. વરસાદી દિવસોમાં સેકટરોમાં સમસ્યાઓનો ઢગ ખડકાયો છે. ત્યારે સેકટરવાસીઓમાં રોગચાળાની દહેશત પ્રવર્તી છે. સેકટરોના આંતરિક માર્ગોનુ પણ નિયત સમયના અંતે નવિનીકરણ ન થતા હાલ વરસાદી દિવસોમાં માર્ગોની હાલત વધુ કંગાળ બની છે. સેકટરોમાં નજર નાંખો ત્યાં દુવિધાઓનો ઢગ ખડકાયેલો છે. સેકટરવાસીઓને રોગચાળાની સ્થિતિમાંથી ઉગારવા માટે ત્વરિત સફાઈ અભિયાન હાથ ધરવાની અનિવાર્યતા છે.


info City Club & Resort | Craayons Pre-School & Activity center | info city

DRAWING COMPETITION

A ઉંમર ૬ થી ૮ વર્ષ | ૧૫ ઓગસ્ટ, ૨૦૧૬ | B ઉંમર ૯ થી ૧૨ વર્ષ

સમય: સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે
સ્થળ: ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ, ગાંધીનગર

રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ —૧૪ ઓગસ્ટ, ૨૦૧૬—
જીતો આકર્ષક ઈનામો

- ફી- ગ્રુપ A માટે- રૂા.૫૦/- અને ગ્રુપ B માટે - રૂા.૧૦૦/-
- સ્પર્ધકોને ડ્રોઈંગ પેપર સંસ્થા તરફથી આપવામાં આવશે. (કલર /પેન્સિલ/ ડ્રોઈંગ મટેરીયલ કીટ સ્પર્ધકે સાથે લાવવાના રહેશે).
- સ્પર્ધકને ICRPL તરફથી રિફ્રેશમેન્ટ આપવામાં આવશે.

વધુ માહિતી /રજીસ્ટ્રેશન માટે સંપર્ક:
૯૯૭૯૮ ૮૯૩૭૭ / ૦૭૯ ૨૩૨૧ ૩૧૬૬
૦૭૯ ૨૩૨૧ ૩૧૫૫

Our Sponsors
info city | info City Club & Resort | Sam's PIZZA | Dr's Food


## ૮મીએ પ્રાથમિક શિક્ષકોની વધ-ઘટની બદલીનો કેમ્પ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોનો વધ-ઘટનો કેમ્પ આગામી સોમવારને તા. ૮મી ઓગષ્ટના રોજ બી.આર.સી. ભવન ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે ૩૧-૮-૧૫ની સ્થિતિએ મંજૂર થયેલ મહેકમના આધારે આ વધ-ઘટનો બદલી કેમ્પ યોજવામાં આવી રહ્યો છે.

ઈન્ચાર્જ ડી.પી.ઈ.ઓ. સંજયભાઈ પરમારના જણાવ્યા પ્રમાણે ધો. ૧ થી ૫ માટે માણસા અને ગાંધીનગર તાલુકામાં વધ-ઘટની બદલીનો કેમ્પ મનાઈ હૂકમને લઈ યોજાશે નહિ જ્યારે કલોલ અને દહેગામનો ૧ થી ૫નો કેમ્પ યોજાશે. ૬ થી ૮ના વર્ગ માટે પણ આજ દિવસે કેમ્પ યોજવામાં આવશે. જો કે ૬ થી ૮ ના વર્ગ માટે વધ-ઘટનો કેમ્પ સમગ્ર જિલ્લા માટે યોજવામાં આવશે.

## સરદાર સરોવર બંધ ઓવર ફ્લો

અમદાવાદ,તા. ૬

મધ્યપ્રદેશના ઈન્દિરા સાગર અને ઓમકારેશ્વર ડેમમાં પાણીની ભરપુર આવકના કારણે નર્મદા ડેમમાં પાણીની સપાટી હવે ૧૨૨ મીટર સુધીપહોંચી ગઈ છે.

નર્મદા ડેમ ઓવર ફ્લો થયા બાદ હવે તંત્ર દ્વારા એલર્ટની જાહેરાત કરવામા આવી છે. નર્મદા ડેમનો નજારો જોવા માટે હવે લોકો પહોંચે તેવી શક્યતા છે. નવસારી જિલ્લાના વાસંદા, ચિખલી અને ગણદેવી તાલુકાના ૩૧ ગામોને કેલીયા ડેમ તથા જુજ ડેમ ૭૦ ટકા ભરાઈ જતા એલર્ટ કરવામાં આવ્યા છે.

ડાંગ જિલ્લામાં તાજેતરમાં જ પડેલા ભારે વરસાદના પગલે અંબિકા સહિત કેટલીક નદીઓમાં પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. વાસંદા તાલુકાના બંને ડેમ ૭૦ ટકા ભરાઈ જતા એલર્ટ કરવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારના લોકોને સાવચેતી માટે સૂચના આપવામાં આવી છે. આગામી દિવસોમાં પાણીની સપાટી વધે તેવી શક્યતા છે.


શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com